મહિલા અને બાળ વિકાસ વિભાગ
હસ્તકની આઈસીડીએસ યોજના
હેઠળની જગ્યાઓ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૬/પા.ફા.૧/બ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૩/૨૦૨૧

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૨૪/૦૩/૨૦૨૦
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરની કચેરી દ્વારા સિંગલ ફાઈલથી કરેલ દરખાસ્ત.

//ઠરાવ//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની આઈસીડીએસ યોજના હેઠળની જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરની સિંગલ ફાઈલથી વિભાગ હસ્તકની જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત કરેલ હતી, જે પૈકી ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યાઓ રદ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ પત્રક મુજબની જિલ્લા અને ઘટક કક્ષાની કુલ-૬૭૧ જગ્યાઓને રદ કરવામાં આવે છે:

1. જિલ્લા કક્ષાની જગ્યા:

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | એકાઉન્ટન્ટ (વર્ગ-૩) | ૩૯૯૦૦-૧૨૬૫૦૦ (પે-૭) | ૩ |
| ૨ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૨૫૫૦૦-૮૧૧૦૦ (પે-૪) | ૧૧ |
| ૩ | પ્રિ-સ્કુલ ઈન્સ્ટ્રક્ટર | ૧૯૯૦૦-૬૩૨૦૦ (પે-૨) | ૨ |
| | | કુલ | ૧૬ |

2. ઘટક કક્ષાની જગ્યા:

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | આસીસ્ટન્ટ સીડીપીઓ (વર્ગ-૨) | ૨૯૨૦૦-૯૨૩૦૦ (પે-૫) | ૧૮૮ |
| ૩ | મુખ્યસેવિકા (વર્ગ-3) | ૨૯૨૦૦-૯૨૩૦૦ (પે-૫) | ૧૮૯ |
| ૪ | સિનીયર ક્લાર્ક (વર્ગ-3) | ૨૫૫૦૦-૮૧૧૦૦ (પે-૪) | ૭૯ |
| ૬ | જુનિયર ક્લાર્ક (વર્ગ-3) | ૧૯૯૦૦-૬૩૨૦૦ (પે-૨) | ૧૯૯ |
| | કુલ | | ૬૫૫ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીની તા. 03/03/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
6. સર્વે તિજોરી અધિકારીશ્રી, જિ......................
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...............................
8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ..........................
9. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ................................
11. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ......................
12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારૂ.
13. શાખા સિલેક્ટ ફાઈલ.